| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| અર્થસાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના આંકડા મદદનીશ તથા સંશોધન મદદનીશની પૂર્વસેવા તાલીમાન્ત પરીક્ષા | | |
| તા. ૦૯/૦૯/૨૦૨૧ | પ્રશ્નપત્ર – ૨ | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૩.૦૦ | SET – A | કુલ ગુણ : - ૧૦૦ |

**1 શહેરી વિસ્તારમાં સેનેટરી ઇન્સ્પેક્ટર દ્વારા શેની ગણતરીનું કાર્ય થાય છે ?**

**A** રાષ્ટ્રીય નમૂના મોજણી
**B** પશુધન ગણતરી
**C** કૃષિ ગણતરી
**D** એકપણ નહી

**2 કિંમત અસર શેની બરાબર હોય છે ?**

**A** આવક અસર
**B** અવેજી અસર
**C** આવક અસર + અવેજી અસર
**D** એકપણ નહી

**3 નીચેના પૈકી કઇ Non Probility Sampling method છે ?**

**A** Quata Sampling
**B** Cluster Sampling
**C** Stratified Sampling
**D** Systemic Sampling

**4 નીચેના વિધાનો પૈકી કયુ વિધાન સાચું નથી.**

**A** દરેક ગણ તેનો પોતનો ઉપગણ છે.
**B** ખાલીગણ હંમેશા દરેક ગણનો ઉપગણ છે.
**C** વિકલ્પ (a) અને (b) બન્ને અનુચિત ઉપગણો છે.
**D** વિકલ્પ (a) અને (b) બન્ને ઉચિત ઉપગણો છે

**5 માંગની મૂલ્ય સાપેક્ષાતાનું માપ કાઢવા માટેની કુલ ખર્ચની પધ્ધતિથી શું જાણી શકાતુ નથી ?**

**A** મૂલ્ય સાપેક્ષતાનો ચૌક્કસ આંકડો
**B** સ્થિર મૂલ્ય સાપેક્ષતા
**C** અસ્થિર મૂલ્ય સાપેક્ષતા
**D** સપ્રમાણ મૂલ્ય સાપેક્ષતા

**6 નીચેના માંથી કયુ માપ પ્રસાર નું સાતેક્ષ માપ છે?**

**A** ચતુર્થક વિચલન
**B** સરેરાશ વિચલન
**C** પ્રમાણિત વિચલન
**D** એકપણ નહી.

**7 "ભાડુ કિંમતમાં પ્રવેશતુ નથી" એવો કોનો મત છે?**

**A** પીગુ
**B** રોબર્ટસન
**C** માર્શલ
**D** રિકોર્ડો

**8 રાષ્ટ્રીય નિદર્શ મોજણીના આવર્તન વર્ષનો સમયગાળો કયા વર્ષ પ્રમાણે લેવામાં આવે છે ?**

A કેલેન્ડર વર્ષ
B નાણાકીય વર્ષ
C ખેતી વર્ષ
D એકપણ નહી

**9 કયા દેશના અર્થશાસ્ત્રીઓએ વાસ્તવિક ઉત્પાદન ખર્ચને વૈકલ્પિક ખર્ચ તરીકે ઓળખવાનો પ્રયાસ કરેલ છે ?**

A ઓસ્ટ્રેલિયા
B ઓસ્ટ્રીયા
C ઇંગ્લેન્ડ
D અમેરિકા

**10 આઝાદી પહેલા આયોજન બાબતે કરવામાં આવેલ પ્રયાસો માટે નીચેના પૈકી કયા વિધાન / વિધાનો સાચાં છે ?(i) Planned Economy by Sir M Visvesvarya(ii) Bombay Plan by Jawaharlal Nehru (iii) People's Plan by M.N.Roy**

A ફકત (i)
B ફકત (ii)
C ફકત (i) અને (ii)
D ફકત (i) અને (iii)

**11 જે વસ્તુઓમાંથી ઉપભોકતાઓને વધુ અધિક સંતોષ મળતો હોય, તે વસ્તુઓ ઉપર સરકારને કર નાંખવાનું કે કરનો દર વધારવનું...........................**

A અઘરૂં બનશે
B સરળ બનશે
C કહી શકાય નહી
D એકપણ નહી

**12 જો પ્રત્યેક જોડીના ક્રમાંકો વચ્ચેનો તફાવત શુન્ય હોય તો સહસંબંધાક ____ હશે.**

A 0(શુન્ય)
B 1
C -1
D એકપણ નહી.

**13 નીચેના પૈકી કયુ વિધાન સાચું છે ?**

A માથાદીઠ આવક એ દેશની તમામ વ્યક્તિઓની આવકનો સરવાળો છે
B માથાદીઠ આવકના અંક ઉપરથી અર્થતંત્રના વ્યાપનો ખ્યાલ મળે છે
C માથાદીઠ આવકએ રાષ્ટ્રની વ્યક્તિદીઠ સરેરાશ માસિક આવક છે
D માથાદીઠ આવકએ રાષ્ટ્રની વ્યક્તિદીઠ સરેરાશ વાર્ષિક આવક છે

**14 જો એક જ કિંમતે ગમે તેટલુ વેચાણ થઇ શકતુ હોય, તો સરેરાશ આવકની રેખા.............**

A પાયાને સમાંતર હોય
B પાયાને ઉભી હોય
C ઢળતી એખા હોય
D એક પણ સાચુ નથી

**15 સરેરાશ અસ્થિર ખર્ચની રેખાઓ આકાર કેવો હોય છે ?**

**A** Y - ધરીને બિલકુલ સમાંતર **B** Y - ધરીને લંબ

**C** "U" (યુ) આકાર **D** એકપણ નહી

**16 મુલ્યાંકન અને વિનિયમન વચ્ચે કોઇ ભેદ / તફાવત છે?**

**A** હા **B** ના

**C** ચૌક્કસ કહી શકાય નહી **D** એક પણ નહી.

**17 વસ્તી ગણતરીના પરીણામો તૈયાર કરતી વખતે અક્ષરજ્ઞાનનો દર નકકી કરવા કેટલા વર્ષથી ઓછી વયના બાળકોની સંખ્યાબાદ કરવામાં આવશે ?**

**A** ૫ **B** ૬

**C** ૭ **D** એકપણ નહી

**18 બે નિયત સંબંધાકોની ગણતરી કરતા અનુક્રમે -0.8 અને 0.2 આવે છે, તેથી**

**A** આ ગણતરી સાચી છે. **B** સહસંબંધાંક 0.4આવે

**C** સહસંબંધાંકની કિંમત -0.4 આવે **D** આ ગણતરી ખોટે છે.

**19 ગુજરાતમાં વિકેન્દ્રીત જિલ્લા આયોજનની શરૂઆત કયા વર્ષથી થઇ ?**

**A** ૧૯૭૯ **B** ૧૯૮૦

**C** ૧૯૮૧ **D** ૧૯૮૨

**20 સહસંબંધાક માટે નીચેના પૈકી કયુ સાચુ છે?**

**A** $-1 \leq r \leq 1$ **B** $r^2 \leq 1$

**C** વિકિર્ણ આકૃતિની મદદથી સહસંબંધાકનું ચોક્કસ માપ જાણી શકાય છે. **D** વિકલ્પ (A) અને (B) સાચાં છે.

**21 સંભાવનાની કિંમત શુન્ય હોય,તો તે ઘટના.........................**

**A** ચોક્કસ ઘટશે **B** કદાચ ઘટે

**C** કદાચ ન ઘટે **D** ચોક્કસ નહી ઘટે

**22 ત્રિમાસિક ધોરણે એકઠા કરવામાં આવતા મકાન બાંધકામ ની ચીજ-વસ્તુઓના ભાવો રાજ્યના કેટલા કેંન્દ્રો ઉપરથી મંગાવવામાં આવે છે.**

**A** 5 **B** 6

**C** 7 **D** 8

**23 સલામત સંસ્થાકીય પ્રસુતિ મારફતે માતા મૃત્યુના પ્રમાણમાં ઘટાડો લાવવા કઇ યોજના ગુજરાત સરકારની છે?**

**A** માતૃ સેવા
**B** ચિરંજીવી
**C** બાલસખા
**D** બધીજ

**24 ગુજરાત રાજ્યનો વાર્ષિક ઋતુ અને પાક અહેવાલ કોણ તૈયાર કરે છે ?**

**A** મહેસૂલ વિભાગ
**B** સિંચાઇ વિભાગ
**C** કૃષિ નિયામક
**D** વન વિભાગ

**25 અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકશ્રીની કચેરી દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવતા પ્રકાશનો પૈકી કયા પ્રકાશનો વિધાનસભામાં અંદાજપત્ર સત્ર દરમ્યાન રજૂ કરવામાં આવે છે?**

(i) An Economic and Purpose Clasification of the Budget, Gujarat State

(ii) Budget in Brief, Gujarat State

(iii) Socio - Economic Review, Gujarat State

(iv) Gross Fixed Capital Formation and consumption expenditure in State Govt. Sector, Gujarat State

**A** ઉપરોકત બધાં જ
**B** ઉપરોકત પૈકી એકપણ નહી
**C** ઉપરોકત પૈકી (i) અને (iv)
**D** ઉપરોકત પૈકી (ii) અને (iii)

**26 જો બન્ને ચલ નિરપેક્ષ હોય તો સહસંબંધાક હશે?**

**A** -1
**B** 0 (શુન્ય)
**C** 1
**D** એકપણ નહી.

**27 તાજેતરમાં COVID-19ની મહામરીને કારણે દક્તરોની માંગ એકાએક ટુંકા સમયગાળા દરમ્યાન વધી ગઇ! આથી, વધુ કાર્યક્ષમ દાક્તરોને મળતુ અર્ધભાડાને શું કહી શકાય?**

**A** તફાવતી અર્ધભાડુ
**B** ભાડુ
**C** કિંમત
**D** એકપણ નહી.

**28 વસ્તી ગણતરી - ૨૦૧૧ ની માહિતી કઇ તારીખની 0.00 કલાકની સ્થિતિની માહિતી પૂરી પાડે છે ?**

**A** ૦૧-જાન્યુઆરી-૨૦૧૧
**B** ૦૧-ફેબ્રુઆરી-૨૦૧૧
**C** ૦૧-માર્ચ-૨૦૧૧
**D** ૦૧-એપ્રિલ-૨૦૧૧

**29 રાષ્ટ્રીય આવકને ____ બાજુ ધરાવતો સિક્કો કહેવામાં આવે છે.**

**A** એક
**B** બે

C ત્રણ

D એક પણ નહી.

**30 વસ્તી ગણતરી દરમ્યાન જિલ્લા કલેકટરને કયા હોદ્દાથી પદનામિત કરવામાં આવે છે ?**

A જિલ્લા ચાર્જ અધિકારી

B ખાસ ચાર્જ અધિકારી

C મુખ્ય જિલ્લા વસ્તી ગણતરી અધિકારી

D જિલ્લા સુપરવાઇઝર (વસ્તી ગણતરી)

**31 નીચેના પૈકી કયુ વિધાન/વિધાનો આવૃતિ બહુકોણ આલેખ માટે સાચા છે.**

A આવૃતિ બહુલકના આલેખ પરથી બહુલક ની કિંમત જાણી શકાય છે.

B આવૃતિ બહુલકનું ક્ષેત્રફળ સ્તંભાલેખનાં લંબચોરસના ક્ષેત્રફળો જેટલુ હોય છે.

C વિકલ્પ (a) અને (b) સાચાં છે.

D એકપણ નહી.

**32 દેશના વિવિધ સ્થળેથી આયાત- નિકાસ થતા માલ-સામાનની માહિતીનું સંકલન ............. કરે છે ?**

A વાણિજય અને ઉધોગ મંત્રાલય

B વિદેશ મંત્રાલય

C રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા

D ડાયરેકટર જનરલ ઓફ કોમર્શીયલ ઇન્ટેલીજન્સ એન્ડ સ્ટેટીસ્ટીકલ

**33 અર્થશાસ્ત્ર દ્રષ્ટીએ જો ખરીદનારાઓ અને વેચાનારાઓ ટેલિફોન કે ઇન્ટરનેટના માધ્યમથી પરસ્પર સંપર્કમાં હોય, તો બજાર...........................**

A અસ્તિત્વમાં છે

B અસ્તિત્વમાં નથી

C કહી શકાય નહી

D એકપણ નહી

**34 ઔધોગિક કામદારો, માટેના ગ્રાહક ભાવાંકની માહિતી કઇ કચેરી એકત્રિત કરે છે ?**

A ઉધોગ કમિશ્નર

B રોજગાર નિયામક

C શ્રમ આયુકત

D એકપણ નહી

**35 બંધારણની અનુસૂચિ અનુસાર વસ્તી ગણતરી વિષય...........................**

A કેન્દ્રનો છે

B રાજયનો છે

C કેન્દ્ર અને રાજ્યનો સંયુકત વિષય છે

D એકપણ નહી

**36 અકસ્માતોની સંખ્યા, અકસ્માતોથી થતા મૃત્યુ ની સંખ્યા, અકસ્માતોથી ઇજા થયેલ વ્યક્તિઓની સંખ્યા વગેરે મહિતી રાજ્ય કક્ષાએ _______ ની કચેરી એકત્ર કરે છે.**

A કમિશ્નર, વાહન વ્યવહાર

B ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સ્પોર્ટ કોર્પોરેશન

C પોલિસ મહાનિર્દેશક

D માર્ગ અને મકાન વિભાગ

**37 સંકલીત નમૂના મોજણી માટે દરા સીઝનમાં કેટલા ટકા ગામો આવરી લેવામાં આવે છે ?**

A 20%

B 10%

**C** ૬.૬૭ %　　**D** 5%

**38 માત્ર ગતિશીલ અર્થતંત્રમાં જ નફો સંભવી શકે, સ્થિર અર્થતંત્રમાં નહી- આ વિચાર કોણે સૌ પ્રથમ વ્યવસ્થિત રજૂ કર્યો?**

**A** માર્શલે　　**B** પીગુએ

**C** જે.બી. ક્લોર્કે　　**D** કેઇન્સે

**39 જ્યારે આવુતિ વિતરણમાં મધ્યકની કિંમત બહુલક કરતા મોટી હોય તો..........................**

**A** વિષમતા શુંન્ય હોય છે.　　**B** વિષમતા ધન હોય છે.

**C** વિષમતા ઋણ હોય છે.　　**D** વિષમતા ધન કે ઋણ હોય શકે.

**40 આંકડાશાસ્ત્ર ની પધ્ધતિઓમાં પ્રસારના માપ તરીકે સૌથી વધુ કોનો ઉપયોગ થાય છે?**

**A** વિસ્તાર　　**B** ચતુર્થક વિચલન

**C** પ્રમાણિત વિચલન　　**D** સરેરાશ વિચલન

**41 મકાન - બાંધકામની ચીજ-વસ્તુઓના ભાવો/ ઇન્ડેક્ષની માહિતી National Building Organisation ને કોણ મોકલી આપે છે ?**

**A** માર્ગ અને મકાન વિભાગ　　**B** સિંચાઇ વિભાગ

**C** પંચાયત વિભાગ　　**D** નિયામક, અર્થ અને આંકડાશાસ્ત્ર

**42 શ્રેણીના પ્રાપ્તાંકોના મધ્યકમાંથી લીધેલા વિચલનોના વર્ગો મધ્યક્નું વર્ગમુળ એટલે**

**A** સરેરાશ વિચલન　　**B** વિચરણ

**C** પ્રમાણિત વિચલન　　**D** એકપણ નહી.

**43 10 અને 11 વચ્ચે આવેલી અપુર્ણાંક સંખ્યાઓનો ત્રણ નીચેના પૈકી કયા પ્રકારનો ગણ છે?**

**A** સાન્ત ગણ　　**B** ખાલીગણ

**C** અનંતગણ　　**D** એકપણ નહી.

**44 જો લાસ્પેયરનો સુચકાઆંક 144 હોય અને પાશેનો સુચકઆંક 225 હોય તો ફિશરનો સુચકાઆંક શોધો.**

**A** 180　　**B** 108

**C** 190　　**D** 200

**45 કોઇ એક પેઢીના બધા સાધનોના પ્રમાણમાં ૧૦ % વધારો કરવાને લીધે પેઢીના ઉત્પાદનમાં થયેલો વધારો ૧૦ % થી પણ વધુ હોય તો પેઢીને "કદનો લાભ" પ્રાપ્ત થયેલ છે તેમ કહી શકાય ?**

**A** હા　　**B** ના

**C** કદાચ　　**D** કહી શકાય નહી

**46 સ્થિરભાવે રાજયના એકંદર ઘરગથ્થુ ઉત્પાદનમાં વર્ષ ૨૦૧૫-૧૬ (ઝ) અંદાજો મુજબ ખેતી અને**

**પશુપાલનનો ફાળો કેટલો છે ?**

**A** 13.80%

**B** 18.10%

**C** 14.70%

**D** 19.10%

**47 વીજળી વપરાશના પ્રમાણ અનુસાર ગ્રાહકો પાસેથી વીજળી કંપની જુદા - જુદા દર લે, તો તેને કેવો કિંમત ભેદભાવ કહેવાય ?**

**A** પ્રથમ કક્ષાનો | **B** દ્વિતીય કક્ષાનો

**C** તૃતીય કક્ષાનો | **D** એકપણ નહી

**48 સાધનોની સેવાઓ માટેની માંગને કેવી માંગ કહેવાય ?**

**A** મોસમી માંગ | **B** આકસ્મિક માંગ

**C** વ્યુતપન્ન માંગ | **D** એકપણ નહી

**49 નીચેનામાંથી શેનો ઉત્પાદન ખર્ચમાં સમાવેશ થતો નથી ?**

**A** સ્થિર ખર્ચ | **B** અસ્થિર ખર્ચ

**C** વેચાણ કમિશન | **D** એકપણ નહી

**50 આવકની વહેંચણી અસમાન રીતે થયેલ હોય તેવા રાષ્ટ્રોમાં સામાન્ય રીતે કયા પ્રકારની ગરીબી જોવા મળે છે ?**

**A** નિરપેક્ષ | **B** સાપેક્ષ

**C** ગરીબી જોવા મળતી નથી | **D** ગરીબી ભાગ્યે જ જોવા મળે છે

**51 કાચા વ્યાજમાં શુદ્ધ વ્યાજ ઉપરાંત કયાં તત્વો જોવા મળે છે?**

**A** મૂડી ડૂબે તે અંગેના જોખમનો બદલો | **B** લોન આપનારને પળતી અગવડ નો બદલો

**C** લોન ની વ્યવસ્થા, હિસાબ- કિતાબ રાખવાનો ખર્ચ | **D** બધાં જ

**52 વેચનારની અનામત કિંમતને નીચે પૈકી કયુ પરિબળ/પરિબળો અસર કરે છે ?**

**A** વસ્તુનો પ્રકાર | **B** ભવિષ્યના ભાવ વિશેનો અંદાજ

**C** વેચનારની રોકડ નાણાની જરૂરીયાત | **D** બધાં જ

**53 ઇજારયુકત હરિફાઇમાં વિશિષ્ટ લક્ષણ/લક્ષણો......................**

**A** પેઢીઓની મોટી સંખ્યા | **B** મુકત પ્રવેશ

**C** વેચાણ ખર્ચ | **D** બધાં જ

**54 નિરપેક્ષ ચલ X ની કિંમત વચ્ચેનો ગાળો અસમાન ભોય ત્યરે ખુટતી રકમનું અનુમાન કરવા કઇ પધ્ધતિ નો ઉપયોગ કરવો જોઇએ?**

**A** ન્યુટન ની પધ્ધતિ | **B** દ્વિપદી વિસ્તરણ ની પધ્ધતિ

**C** લા ગ્રાન્જ ની પધ્ધતિ | **D** એકપણ નહી.

**55 નીચેના પૈકી કઇ કસોટી/કસોટીઓ વિષમતાની કસોટીઓ છે?**

**A** મધ્યક, મધ્યસ્થ અને બહુલકની કિંમતો સમાન હોતી નથી.

**B** આવુતિ વક્ર સંપુર્ણ ઘંટાકાર હોતો નથી

**C** $Q_3 - M \neq M - Q_1$

**D** ઉપરની બધીજ

**56 સંમિત આવુતિ વિતરણમાં...........................**

**A** મધ્યક, મધ્યસ્થ અને બહુલક સમાન હોય છે

**B** વિષમતા શુન્ય હોય છે.

**C** વિકલ્પ (a) અને (b) સાચાં છે.

**D** એકપણ નહી.

**57 મોટર કાર અને માંગ એ બંને માંગ પક્ષે...........................**

**A** અવેજી વસ્તુઓ છે

**B** પૂરક વસ્તુઓ છે

**C** વિશિષ્ટ વસ્તુઓ છે

**D** એકપણ નહી

**58 ખાંડ ના કારખાનાની સહકારી મંડળી કયા પ્રકારની સહકારી મંડળી ગણાશે?**

**A** વેચાણ મંડળી

**B** પ્રક્રિયા મંડળી

**C** ઔધોગિક મંડળી

**D** એક પણ નહી.

**59 ધારો કે તમારી નિમણૂક વસ્તી ગણતરી માટે ગણતરીદાર તરીકે થયેલી છે. ફોર્મમાં વ્યક્તિ અક્ષરજ્ઞાન ધરાવે છે કે કેમ ? એ પ્રશ્નનો જવાબ તમારે ભરવાનો છે. પરંતુ જે-તે વ્યક્તિ અંધ છે. પરંતુ બેઇલ ભાષા વાંચી શકતી હોય તો તે વ્યક્તી ને.............**

**A** અક્ષરજ્ઞાન નહી ધરાવતી તરીકે ગણવાની થશે

**B** અક્ષરજ્ઞાન ધરાવતી વ્યક્તિ તરીકે ગણવાની થશે

**C** કઇ કહી શકાય નહી

**D** એકપણ નહી

**60 આર્થિક સલાહકારની કચેરી, વાણિજ્ય અને ઉધ્યોગ મંત્રાલય, ભારત સરકાર દ્વારા કયો ભાવસુચક આંક તૈયાર કરવામાં આવે છે?**

**A** ગ્રાહક ભાવાંક(CPI)

**B** માનવ વિકાસ આંક (HDI)

**C** જથ્થાબંધ ભાવોનો સુચકઆંક(WPI)

**D** એક પણ નહી.

**61 માંગની મુલ્ય સપેક્ષતા એકમ જેટલી હોય, તેનો શો અર્થ થાય છે?**

**A** માંગમાં શુન્ય ફેરફાર

**B** માંગમાં થોડો ફેરફાર

**C** માંગમાં મોટો ફેરફાર

**D** માંગમાં સરખો ફેરફાર

**62 સમિષ્ટના સ્તરોના પ્રતિનિધિત્વની ખાતરી કઇ નિદર્શન પધ્ધતિથી મળે ?**

**A** સરળ યદચ્છ **B** સ્તરીય યદચ્છ

**C** વ્યવસ્થિત **D** ગુચ્છ

**63 આવક વધે અને માંગમાં કોઇ ફેરફાર ન થાય તો માંગની આવક સાપેક્ષતા કેવી ગણાય ?**

**A** ધન **B** ઋણ

**C** શૂન્ય **D** એક પણ નહી

**64 ભાવસપાટી ઉંચે જાય તથા નાણાકીય વેતન સ્થિર રહે તો, કામદારનું જીવન ધોરણ......................**

**A** ઉંચુ જાય **B** નીચું જાય

**C** બરાબર રહે **D** એકપણ નહી

**65 નીચે પૈકી કઇ ગણતરી સામાન્ય રીતે દર પાંચ વર્ષે હાથ ધરવામાં આવે છે ?**

**A** વસ્તી ગણતરી **B** પશુધન ગણતરી

**C** આર્થિક ગણતરી **D** વિકલ્પ (B) અને (C)

**66 એક વધારાનો એકમ ઉત્પન્ન કરવાથી કુલ ખર્ચમાં થતો વધારો એટલે.................**

**A** સરેરાશ ખર્ચ **B** સીમાંત આવક

**C** સીમાંત ખર્ચ **D** સરેરાશ આવક

**67 જો ગણ A નો પ્રત્યેક સભ્ય ગણ B માં આવેલો હોય અને ગણ B નો પ્રત્યેક સભ્ય ગણ A માં આવેલો હોય તો,**

**A** ગણ A અને B અલગ ગણ છે. **B** ગણ A અને B તત્સમ ગણ છે

**C** ગણ A અને B બન્ને સાર્વત્રિક ગણ છે. **D** એકપણ નહી.

**68 નીચેના પૈકી સામાન્ય સરેરાશના માપો તરીકે કોણ ઓળખાય છે?**

**A** મધ્યક **B** મધ્યસ્થ

**C** બહુલક **D** વિકલ્પ (a), (b) અને (c) ત્રણેય

**69 અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૧૯ દરમ્યાન ૪0,000 મૃત્યુ નોંધાયા હતા. વર્ષ દરમ્યાન શહેરની વસ્તી ૮0,00,000 હતી. તો મૃત્યુદર કેટલો થશે ?**

**A** ૫0 **B** ૫

**C** 0.૫ **D** 0.0૫

**70 નીચે પૈકી વલણ નક્કી કરવાની કઇ રીત વધુ ચોક્કસ પરીણામો આપે ?**

**A** આલેખની રીત **B** ચલિત સરેરાશની રીત

**C** ન્યુનતમ વર્ગની રીત **D** મોસમી આંકની પધતિ

**71 નીચેના વિધાનો તપસો. (1) સહસંબંધાંકની કિંમત -1<r<1 હોય છે? (2) નિયત સહસંબંધાંકો ની કિંમત નક્કી હોતી નથી. (3) સહસંબંધાંકની કિંમત ઉગમબિંદુ અને સ્કેલ પરિવર્તન થી સ્વતંત્ર છે. (4) નિયતસહસંબંધાંકની કિંમત ઉગમબિંદુથી સ્વતંત્ર પણ સ્કેલ પરિવર્તનથી સ્વતંત્ર નથી.**

**A** માત્ર (i) સાચું છે.
**B** માત્ર (ii) અને (iii) સાચાં છે.
**C** માત્ર (ii), (iii) અને (iv) સાચાં છે.
**D** (i), (ii), (iii) અને (iv) તમામ સાચાં છે.

**72 જન્મ અને મરણને લગતા આંકડા કયા વર્ષે પ્રમાણે એકત્ર કરવામાં આવે છે ?**

**A** નાણાકીય વર્ષ
**B** કેલેન્ડર વર્ષ
**C** શૈક્ષણિક વર્ષ
**D** અનુકુળતા મુજબ

**73 જો બે ચલ વચ્ચે સંપુર્ણ સહસંબંધાંક હોય તો અને નિયત-સંબંધાંકોની કિંમત...................**

**A** શુન્ય હોય
**B** બરોબર હોય
**C** એકબીજાથી વ્યસ્ત હોય
**D** એકપણ નહી.

**74 ઔધોગિક કામદારો, કર્મચારીઓના મોંઘવારી ભથ્થા નક્કી કરવા _____નો ઉપયોગ કરવામાં આવે છે.**

**A** જથ્થાબંધ ભાવોના આંક
**B** માનવવિકાસ આંક
**C** ઔધોગિક કામદારો માટેના ભાવાંક
**D** એક પણ નહી.

**75 નીચેના પૈકી કયુ વિધાન/વિધાનો સાચાં છે?**

**A** સ્તંભાલેખ પરથી આપેલી માહિતીનું વિતરણ કેવા પ્રકારનું છે. તે જાણી શકાય છે.
**B** સ્તંભાલેખ પરથી બહુલક ની કિંમત જાણી શકાય છે.
**C** સ્તંભાલેખમાં બહુલક હંમેશા સૌથી વધારે ઉંચા સ્થંભમાં સમાયેલો હોય છે.
**D** (a), (b) અને (c) ત્રણેય સાચાં

**76 રાજયમાં છેલ્લે કઇ પંચવર્ષીય યોજનાનો અમલ કરવામાં આવેલ હતો ?**

**A** દસમી
**B** અગ્યારમી
**C** બારમી
**D** એકપણ નહી

**77 તુષ્ટિગુણ માપવા શેનો ઉપયોગ થાય છે ?**

**A** નાણાનો
**B** કાલ્પનિક એકમનો
**C** જરૂરીયાતની ત્રિવતાનો
**D** લાગણીનો

**78 ઉત્પાદન વધે તો સ્થિર ખર્ચમાં કેવો ફેરફાર થાય ?**

**A** વધે
**B** ઘટે
**C** સ્થિર રહે
**D** કંઇ કહી શકાય નહી

**79 નિદર્શ નોંધણી યોજના (SRS) થકી શેની માહિતી મળે છે ?**

**A** ગરીબી
**B** બેકારી
**C** પૂર્વ પ્રસુતિ સેવા માટે નોંધાયેલા સર્ગભાઓની
**D** જન્મદર, મૃત્યુદર અને બાળમરણ પ્રમાણ

**80 યોજના/ પ્રયોજનાના અમલીકરણ સાથો-સાથ કરવમાં આવતુ મૂલ્યાંકન એટલે..................**

**A** સહવર્તી મુલ્યાંકન
**B** પાશ્ચતવર્તી મુલ્યાંકન
**C** પુર્વ મુલ્યાંકન
**D** એક પણ નહી.

**81** ઉદવહન **સિંચાઇ યોજનાનો શેમાં સમાવેશ થાય છે ?**

**A** માઇક્રો ઇરિગેશન
**B** નાની સિંચાઇ
**C** મધ્યમ સિંચાઇ
**D** મોતી સિંચાઇ

**82 રાષ્ટ્રીય આવકના અંદાજો બહાર પાડે છે ?**

**A** નીતિ આયોગ
**B** લેબર બ્યૂરો
**C** મધ્યસ્થ આંકડા સંસ્થા (CSO)
**D** આર્થિક સલાહકારની કચેરી, વાણિજ્ય અને ઉધોગ મંત્રાલય, ભારત સરકાર

**83 ગીફન વસ્તુની બાબતમાં કિંમત ઘટતા...........................**

**A** માંગ વધે છે
**B** માંગ ઘટે છે
**C** માંગ સ્થિર રહે છે
**D** એકપણ નહી

**84 રાજ્યમાં બોલાતી માતૃ ભાષાઓની સતાવાર માહિતીની જરૂરીયાત હોય તો, તે માહિતી કઇ કચેરીના પ્રકાશનમાંથી મળી રહે ?**

**A** ભાષા નિયામક
**B** નિયામક, અર્થશાસ્ત્ર અને આંકાડાશાસ્ત્ર
**C** નિયામકશ્રી, વસ્તી ગણતરી
**D** કમિશ્નરશ્રી, યુવક અને સંસ્કૃતિ

**85 પ્રસારના એક માપ "વિસ્તાર" માટે નીચેના પૈકી કયું વિધાન/ વિધાનો સાચાં છે.**

**A** વિસ્તારની ગણતરીમાં બધાંજ પ્રાપ્તાંકો નો ઉપયોગ થાય છે.
**B** વિસ્તારનો ઉપયોગ "ગુણવતાનિયંત્રણ" માં થાય છે.
**C** (a) અને (b) બન્ને વિકલ્પો સાચાં છે.
**D** એકપણ નહી.

**86 બે તટસ્થ રેખાઓ એક બીજીને.....................**

**A** કદી કાપતી નથી
**B** કાપે છે
**C** કયારેક કાપે છે
**D** એકપણ નહી

**87 સમ ખર્ચ રેખા, સમ ઉત્પાદન રેખાને સ્પર્શે છે ત્યારે ઉત્પાદક સમતુલા પ્રાપ્ત કરે છે એમ કહેવાય ?**

**A** હા **B** ના

**C** આંશિક **D** એકપણ નહી

**88 નીચેના પૈકી કઇ સ્થિતિ હોયતો ધન વિષમતા હોય?**

**A** $Q_3 - M > M - Q_1$ **B** $X < M < Z$

**C** $Q_3 - M < M - Q_1$ **D** આવૃતિ વક્ર નો ડાબી બજુનો છેડો નમેલો હોય છે.

**89 મધ્યક, મધ્યસ્થ બહુલક, પ્રસારના અને વિષમતાના માપો...........................**

**A** એકજ ચલ માટે જુદી-જુદી માહિતીની સરખામણી કરવા ઉપયગી છે. **B** બે અથવા વધુ ચલોના સંબંધનો અભ્યાસ કરવા ઉપયોગી છે.

**C** વિકલ્પ (a) અને (b) બન્ને સાચાં છે. **D** એકપણ નહી.

**90 તટસ્થ રેખા મૂળ બિંદું (O) થી જોતા બર્હિગોળ હોય તો સીમાંત અવેજીનો દર કેવો હોય છે ?**

**A** વધતો **B** ઘટતો

**C** સ્થિર **D** અચૌકક્સ

**91 વેસલ્સ રજીસ્ટ્રેશનના આંકડાઓ ઉપરથી શેની માહિતી મળે છે ?**

**A** રાજ્યમાં નોંધાયેલા દ્રિચક્રી વાહનોની **B** રાજયમાં નોંધાયેલા મોટર વાહનોની

**C** મત્સ્ય બોટોની **D** એકપણ નહી

**92 સીમાન્ત તૃષ્ટીરેખાનો ઋણ ભાગ માંગ રેખા માટે અપ્રસ્તુત છે ?**

**A** હા **B** ના

**C** આંશિક રીતે **D** એકપણ નહી

**93 52 પત્તાની એક જોડમાંથી યદ્દચ્છ રીતે એક પાનુ લેવામાં આવે તો તે કાળા રંગનું હોવાની સંભાવના કેટલી?**

**A** 1/52 **B** 1/4

**C** 1/2 **D** એકપણ નહી.

**94 ગ્રામિણક્ષેત્રોની ખૂટતી સવલતો / સેવાઓની માહિતી મળી રહે તે માટે ક્યુ Portal વિકસાવવામાં આવેલ છે ?**

**A** Planning Portal **B** Digital Portal

**C** Village Profile Portal **D** એકપણ નહી

**95 જમીન વપરાશ વર્ગીકરણ હેઠળ રાજયોની જમીનોને કુલ કેટલા વિભાગોમાં વિભાજીત કરવામાં આવે છે ?**

**A** ૭ **B** ૮

**C** ૯ **D** ૧૦

**96 બાઉલીનો વિષમતાંક ગણવા માટે જરુરી છે?**

**A** મધ્યક, Q1 , Q3 **B** મધ્યક, મધ્યસ્થ, બહુલક

**C** Q1, મધ્યસ્થ, Q3 **D** મધ્યસ્થ, બહુલક, Q3

**97 નીચેના પૈકી કોનો સુચકઆંક આદર્શ સુચકઆંક તરીકે ઓળખાય છે ?**

**A** લાસ્પેયર **B** પાશે

**C** ફિશર **D** માર્શલ- એજ્વર્થ

**98 પુરવઠા રેખાનું સ્થાનાંતર કેવા કારણોસર થાય છે ?**

**A** કિંમત ઘટવાથી **B** કિંમત વધવાથી

**C** કિંમત સિવાયના અન્ય પરીબળોને લીધે **D** એકપણ નહી

**99 ભાવોની માહિતી તાલુકામાંથી ક્યારે એકત્ર કરવામાં આવે છે ?**

**A** દર શુક્રવારે **B** પહેલા અને ત્રીજા શુક્રવારે દર માસે

**C** દર માસે મહિનાના છેલ્લા શુક્રવારે **D** ત્રણ માસે

**100 સહકારી મંડળીઓને કેટલા ભાગમાં વહેચી શકાય?**

**A** 2 **B** 3

**C** 4 **D** 5

------------------------------